# Voice of Global South Summit

January 06, 2023

# વૉઈસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટ

06 જાન્યુઆરી, 2023

એક નવી અને અનોખી પહેલ તરીકે ભારત 12-13 જાન્યુઆરી 2023ના દરમિયાન એક વિશેષ વર્ચ્યુઅલ સમિટનું આયોજન કરશે. "વૉઈસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટ" હેઠળ "યુનિટી ઑફ વૉઈસ, યુનિટી ઓફ પર્પઝ" થીમનો ઉદ્દેશ ગ્લોબલ સાઉથના દેશોને એકસાથે લાવવાની અને એક સમાન પ્લેટફોર્મ પર તેમના દ્રષ્ટિકોણ અને પ્રાથમિકતાઓને રજૂ કરવાનો છે. 120થી વધુ દેશોને આ સમિટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસના દ્રષ્ટિકોણ તથા ભારતની વસુધૈવ કુટુમ્બકમ વિચારધારા દ્વારા પ્રેરિત છે.

ભારત દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવશે કે વૉઈસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટની ચર્ચામાં ભાગીદાર દેશોમાંથી ફળીભૂત થયેલા મૂલ્યવાન નિષ્કર્ષોને વૈશ્વિક સ્તરે યોગ્ય સ્થાન મળે.

વધુમાં, જી-20 ની ભારતની ચાલી રહેલી અધ્યક્ષતા જે દેશો જી-20નો હિસ્સો નથી છતાં જી-20 દ્વારા તેમના વિચારો અને અપેક્ષાઓ રજુ કરી શકે તે માટેની વિશેષ અને મજબૂત તક પૂરી પાડે છે. આ બાબત વડા પ્રધાનના એ નિવેદનને અનુરૂપ છે કે ભારતની જી-20 અધ્યક્ષતામાં માત્ર અમારા જી-20 ભાગીદારો જ નહીં, પરંતુ જેમનાં અવાજને વારંવાર ઉપેક્ષા કરવામાં આવે છે તેવા ગ્લોબલ સાઉથમાં અમારા હમસફર સાથે પણ પરામર્શ કરવામાં આવશે.

સમિટમાં દસ સત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 12 જાન્યુઆરીએ ચાર સત્રો અને 13 જાન્યુઆરીએ છ સત્રો યોજાશે. દરેક સત્રમાં 10-20 દેશોના નેતાઓ/મંત્રીઓની સહભાગિતા અપેક્ષિત માનવામાં આવી રહી છે.

ઉદ્ઘાટન અને સમાપન સત્રો મુખ્યત્વે રાજ્યના વડા/સરકારના ધોરણે થશે અને આગેવાની વડા પ્રધાન દ્વારા કરવામાં આવશે. ઉદ્ઘાટન સત્રની થીમ રહેશે "માનવ કેન્દ્રીત વિકાસ માટે ગ્લોબલ સાઉથનો અવાજ" અને છેલ્લા સમાપન સત્રની થીમ "યુનિટી ઑફ વૉઈસ-યુનિટી ઑફ પર્પઝ" રહેશે.

આ ઉપરાંત, નીચેની થીમ્સ સાથે 8 મંત્રાલયની કક્ષાના સત્રો હશે:

• નાણામંત્રીઓનું સત્ર "લોકો-કેન્દ્રિત વિકાસ માટે ધિરાણ"

• પર્યાવરણમંત્રીઓનું સત્ર "પર્યાવરણ મૈત્રીપૂર્ણ જીવનશૈલી (લાઇફ) સાથે સંતુલિત વૃદ્ધિ”
• વિદેશમંત્રીઓનું સત્ર "વૈશ્વિક દક્ષિણની પ્રાથમિકતાઓ - અનુકૂળ વાતાવરણની ખાતરી કરવી’
• ઉર્જામંત્રીઓનુ સત્ર "ઊર્જા સુરક્ષા અને વિકાસ- સમૃદ્ધિનો રોડમેપ"
• આરોગ્યમંત્રીઓનું સત્ર "લવચિક હેલ્થકેર સિસ્ટમ્સ બનાવવા માટે સહકાર"
• શિક્ષણમંત્રીઓનું સત્ર "માનવ સંસાધન વિકાસ અને ક્ષમતા નિર્માણ"
• વાણિજ્ય અને વ્યાપાર મંત્રીઓનું સત્ર "ડેવલપિંગ સિનેર્જિસ ઇન ગ્લોબલ સાઉથ- વેપાર, ટેકનોલોજી, પ્રવાસન અને સંસાધનો"
• વિદેશ મંત્રીઓનું સત્ર "જી-20: ભારતના વડપણ માટે સૂચનો"

સમિટ સંબંધિત વધુ વિગતો સમયસર રજુ કરવામાં આવશે.

**06 જાન્યુઆરી, 2023**
**નવી દિલ્હી**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.